# Std 11 Gujarati Textbook Solutions Chapter 17 મારું ઘર

**સ્વાધ્યાય**

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. સંધ્યાના રંગો કેવા દેખાય છે?**

ઉત્તરઃ

સંધ્યાના રંગો સ્વર્ણ જેવા પીળા દેખાય છે.

**પ્રશ્ન 2. કવિના કયા સંકલ્પો પૂરા થયા હતા?**

ઉત્તરઃ

“મારું ઘર’ કાવ્યના કવિના પોતાના ક્ષેત્રના અગણિત સંકલ્પો પૂરા થયા હતા.

**પ્રશ્ન 3. કવિ કોની-કોનો મેળો જામેલો છે એમ કહે છે?**

ઉત્તરઃ

‘મારું ઘર’ કાવ્યના કવિ સૂર્ય, પવન, જળ, જીવ અને વનના ફાલનો મેળો જામેલો છે એમ કહે છે.

**પ્રશ્ન 4. ગોધૂલિ-વેળા એટલે શું?**

ઉત્તરઃ

“ગોધૂલિ – વેળા’ એટલે ગાયો ચરીને સાંજે પાછી ફરતી હોય તે સમય.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ગોધૂલિ-વેળાની કઈ ઘટના કવિને ગમે છે?**

ઉત્તરઃ

ગોધૂલિ – વેળા એટલે સમીસાંજનો સમય. આ સમયે ગાયો ચરીને વગડામાંથી ગામમાં પાછી ફરતી હોય છે. ઘેર – ઘેર ગાયો દોહાતી હોય છે. ગાયના દૂધની સેર દોણીમાં પડે છે ત્યારે તેનો થતો અવાજ કવિને ગમે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. કાવ્યના અંતે કવિ કઈ ઇચ્છા વ્યક્ત કરે છે?**

ઉત્તર :

કવિને પોતાનું કાળ – જૂનું ઘર યાદ આવે છે. તેની સાથે વતન યાદ આવે છે. કાવ્યના અંતે "ચાલો એ ઘેર'માં કવિ પોતાને ઘેર જવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. "મારું ઘર" શીર્ષક સમજાવો.**

ઉત્તરઃ

દુનિયામાં સૌથી સુંદર "મારું ઘર છે. દુનિયાના ગમે તે છેડે જાઓ, સૌંદર્ય માણો, સગવડો ભોગવો પરંતુ પોતાના ઘર જેવી નિરાંતનો અનુભવ તમને ક્યાંય થશે નહિ.

કવિનું માદરે વતનનું ઘર કંઈ આલીશાન નથી. ખેતરોની વચ્ચે, પ્રાકૃતિક વાતાવરણમાં મેડીવાળું સામાન્ય મકાન છે. કવિએ બાળપણ અહીં જ વીતાવેલું. આ ઘરમાંથી કવિએ અનેક સંકલ્પો કરેલા અને એ સંકલ્પો પૂરા કરવા માટે અનેક સ્થળે ગયેલા.

એ સ્વપ્નો પૂરાં થયેલાં તેને કવિ અનિમિષ નજર માંડી નિહાળે છે.

કવિને ઋતુ – તુ પ્રમાણે થતા પાક, બદલાતું વાતાવરણ વગેરે યાદ આવે છે અને તેમનું હૃદય તે શાન્તિમંત્રને અરવ સાંભળે છે. કવિને ગોધૂલિ – વેળાનું વાતાવરણ પણ યાદ આવે છે. કવિને વતનમાં એ ઘેર જવાની ઈચ્છા થઈ આવે છે એટલે જ કવિ કહે છે કે, "ચાલો એ ઘેર."

આમ, કાવ્યમાં કવિના કાળ – જૂના ઘરનું, તેની આસપાસના વાતાવરણનું, ઋતુ પ્રમાણે થતા ફેરફારનું, ગોધૂલિ – વેળાનું વર્ણન તેમજ તેમના અંતરમાં ગુંજતો શાન્તિમંત્ર જોતાં "મારું ઘર' શીર્ષક યથાર્થ છે.

**પ્રશ્ન 2. આ સૉનેટનો વતનપ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.**

ઉત્તરઃ

'મારું ઘર' સૉનેટ છે. તેમાં કવિએ પોતાના વતનના કાળ – જૂના ઘરનું વર્ણન કર્યું છે. કવિનું નળિયાંવાળું મેડીનું ઘર ખુલ્લાં ખેતરોની ઉગમણી દિશાએ આવેલું છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કવિનું બાળપણ અહીં જ પસાર થયેલું. પોતે અહીં અનેક સ્વપ્નો જોયેલાં, અનેક સંકલ્પ કરેલા અને પૂરાં કરવા માટે જ્યાં જ્યાં જવાની જરૂર પડી ત્યાં ત્યાં ગયા હતા.

કવિનો વતનપ્રેમ પણ કાવ્યમાં જોવા મળે છે. ઋતુ પ્રમાણે પાક થતો, વાતાવરણ બદલાતું તેનો સૌને અનેરો આનંદ થતો. કવિના અંતરમાં એ અનેરા આનંદનો શાન્તિમંત્ર સદાય ગુંજતો રહે છે.

કવિ ગોધૂલિ – વેળાનું વાતાવરણ પણ ભૂલી શકતા નથી. સાંજે ગાયો ચરીને ગામમાં પાછી ફરતી, દૂધ – સેરનો દોણીમાં અવાજ થતો, ઠંડા પવનની લહેર શરીરને પ્રફુલ્લિત કરતી આ બધાં વર્ણનમાં કવિનો વતનપ્રેમ પ્રદર્શિત થાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in